**૦૨/૦૭/૨૦૨૧**

**પ્રતિ,**
**અધિક મુખ્ય સચિવશ્રી,**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**
**બ્લોક નં.૧૪, નવમો માળ,**
**સચિવાલય, ગાંધીનગર**

**વિષયઃ ટી.પી.સ્કીમ નં.૨૬(આભવા) વાળી ટી.પી.સ્કીમ ખુડા તથા એસ.એમ.સી. વિસ્તારમાં વહેંચાયેલ હોય જે આખી સ્કીમની કાર્યવાહી એસ.એમ.સી દ્વારા કરવા બાબત...**

મહેરબાન સાહેબશ્રી,

સવિનય સહ આપશ્રીને જણાવવાનું કે, ઉપરોકત વિષયવાળી ટી.પી. સ્કીમ નં.૨૬ (આભવા) બાબતે નીચે મુજબ રજુઆતો ધ્યાને લેવા વિનંતિ.

૧. ડ્રાફટ ટી.પી. સ્કીમ નં.૨૬(આભવા)નો ઈરાદો તા.૦૯/૦૬/૨૦૦૬ થી જાહેર કરવામાં આવેલ.

૨. ઉકત ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૨૬(આભવા)ને ડ્રાફટ ટી.પી.સ્કીમ તરીકે તૈયાર કરી તા.૩૧/૦૮/૨૦૦૭ નાં રોજ સરકારશ્રીમાં ડ્રાફટ ટી.પી.સ્કીમની મંજુરી અર્થે સાદર કરેલ જેને સરકારશ્રી દ્વારા ડ્રાફટ ટી.પી.સ્કીમ તરીકે મંજુર કરવામાં આવેલ છે.

૩. ત્યારબાદ અંદાજે ૧૨ વર્ષનો સમયગાળો પસાર થયા પછી તા.૨૧/૦૧/૨૦૧૯ નાં નોટીફીકેશનથી ખુડા ઓથોરીટી અમલમાં આવેલ છે અને ખુડા ઓથોરીટી અમલમાં આવતા ટી.પી.સ્કીમ નં.૨૬(આભવા)નાં નકશામાં હજીરા-પલસાણા ૯૦.૦ મી. રીંગરોડની ઉત્તર દિશાનો ભાગ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવેશ થાય છે જયારે હજીરા-પલસાણા ૯૦.૦ મી. રીંગરોડની દક્ષિણ દિશાનો ભાગ ખજોદ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીમાં સમાવેશ થાય છે. એટલે કે ડ્રાફટ ટી.પી.સ્કીમનો વિસ્તાર બે અલગ-અલગ આથોરીટીમાં વહેંચાય છે.

૪. ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૨૬(આભવા)માં ટી.પી.ઓ.શ્રી દ્વારા ૧૨ વર્ષનાં સમયગાળામાં જરૂરી ઘણી કાર્યવાહીઓ કરેલ હોય તથા સદર ડ્રાફટ ટી.પી.સ્કીમ બાબતે સુરત મહાનગરપાલિકા દ્વારા સંપૂર્ણ સ્કીમના પરામર્શ પણ આપેલ હોય જેથી અરજદારો

તથા માલિકોને એકસુત્રતા જળવાઇ રહે તે હેતુથી સદર ટી.પી.સ્કીમની કાર્યવાહી સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે તેવી નમ્ર વિનંતિ છે.

૫. ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૨૬(આભવા)માં ઘણાં વર્ષનો સમયગાળો વિતેલ હોય તેમાં અરજદારો/ડેવલોપર્સ દ્વારા પોતાની મિલકતમાં આગોતરા ડેવલોપમેન્ટનાં આયોજન કરેલ હોય, પરંતુ હાલમાં સદર સ્કીમ બે ઓથોરીટી (ખુડા અને એસ.એમ.સી)માં વહેંચાયેલ હોય ઘણી મુશ્કેલીઓ પડે છે તેમજ સદર વિસ્તારમાં SDB નું બાંધકામ પુર્ણતાનાં આરે છે તથા થોડાં સમયમાં શરૂ થવાનું હોય જેને ધ્યાને લઇ આજુબાજુનાં વિસ્તારમાં ફાસ્ટ ડેવલોપમેન્ટ થવાનું હોય જેથી અરજદારો/ડેવલોપર્સ/માલિકોની મુશ્કેલી નિવારણ માટે સદર ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૨૬(આભવા)ની સંપૂર્ણ સ્કીમની કામગીરી સુરત મહાનગરપાલિકા હસ્તક રાખવા આપ સાહેબને નમ્ર વિનંતિ છે.

ઉપરોકત તમામ વિગતે અમાએ કરેલ મૌખિક/લેખિત રજુઆતોને ધ્યાને લઇ તેમજ અરજદારો/ડેવલોપર્સ/માલિકોને મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે હેતુથી તથા ટી.પી.ઓ.શ્રી દ્વારા પણ વહેલાસર કામગીરી થઇ શકે તે હેતુથી સદર ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૨૬(આભવા) જે બે ઓથોરીટીમાં વહેંચાયેલ છે તેને ફકત એક જ ઓથોરીટી સુરત મહાનગરપાલિકા હસ્તક સંપૂર્ણ સ્કીમની કામગીરી કરવા ઘટતુ કરવા વિનંતિ. જરૂર જણાયે વધુ લેખિત/મૌખિક રજુઆત કરવા અમોને મોકો આપવા વિનંતિ.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ**<br>**ચેરમેન**<br>**ક્રેડાઇ-સુરત** | **રવજીભાઇ પટેલ**<br>**પ્રમુખ**<br>**ક્રેડાઇ-સુરત** | **વિજય ધામેલિયા**<br>**માનદ્‌મંત્રી**<br>**ક્રેડાઇ-સુરત** |

**નકલ રવાનાઃ**

**૧.** ચેરમેનશ્રી, ખજોદ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી.

**૨.** કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

**૩.** શહેરી વિકાસ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ ખાતુ, સુડાભવન, નાનપુરા, સુરત મહાનગરપાલિકા.

**૪.** ઇ.ચા.નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ ખાતુ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા.